સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૭૨૫૫

પ્રકટાવો દિવડા સમભાવના આવી દિવાળી!
કેળવો નિઃસ્વાર્થ સદ્‌ભાવના આવી દિવાળી!
રહો સુખ-શાંતિમાં શુભેચ્છા સૌને આવી દિવાળી!
પ્રકટે રોમ રોમ આનંદના દીવા આવી દિવાળી..
(દિવાળીની હાર્દિક શુભેચ્છા)

પ્રગટો જ્ઞાન
પરસ્પર પ્રેમનું -
અંતર દીપે..

સત્ય-સંનિષ્ઠા,
કર્તવ્ય ફરજનો -
પ્રકટે દીવો..

(સૌના હૃદયમાં પથરાય પ્રકાશ એ જ શુભેચ્છા)

ચિંતન

યસ્ય જીવતિ જીવન્તિ લહવ : સતુ જીવતિ ।
કાકો અપિ કિં ન કુરૂતે ચંચવા સ્વોદર પૂરણમ્ ॥

જેના જીવવાથી અનેકના જીવન સફળ થાય, સારી રીતે જીવી જાય, તે માણસ જ સાચું જીવ્યો કહેવાય અર્થાત બીજાના જીવનનું સાફલ્ય તમારા પરોપકાર અને ઋણ પર આધારિત હોય તે જ જીવનની સફળતા છે બાકી માત્ર પોતાના સ્વાર્થ માટે જ અને પોતાનું જ પેટ ભરવાનો શું અર્થ ? એમ તો કાગડો પણ પોતાની ચાંચથી પોતાનું પેટ ક્યાં નથી ભરતો?!

જીવન પરોપકારી હોવું જોઇએ કોઇને શિક્ષણ આપી કે શિક્ષણમાં આર્થિક યોગદાન આપી કોઇની જિંદગીને સફળ બનાવવામાં કરેલું દાન-કોઇનાં જીવનને જીવવાનો સફળ માર્ગ આપે છે.

કોઇને આર્થિક સહાય આપી ધંધો-રોજગાર શરૂ કરાવી આપવાની એને જીવનની નવી દિશા મળી જાય છે ને મદદ કરનાર સહાયકને એ જિંદગીભર યાદ રાખે છે.

કોઇના માર્ગદર્શક બની જીવન જીવવાની સાચી કેડી બતાવી ઉત્તમ ચઢાવવાથી પણ કોઇનું જીવન 'રસ્તે' ચઢી જાય છે - આમ સેવાભાવ - પરોપકાર માટે 'જીવવું' એમાં જ જીવનનું 'સાફલ્ય' સમાયેલું છે અને જીવન જીવવાની સાચી રીત પણ એ જ છે.

બાકી ખોટી-સાચી રીતે કમાઇ સ્વાર્થ માટે જાતે જ ખાઇ-પી-સૂઇ જવાનો માર્ગ એ જીવન જીવવાનો સાચો માર્ગ નથી એવું તો પશુ-પંખી-કાગડો પણ જીવે જ છે ને? તો માનવજાત અને માનવતા નો અર્થ શું?

સુવિચાર

- યુદ્ધનું આદર્શ વાક્ય, 'બળવાન લોકો જીવિત રહેશે, દુર્બળ લોકો મરી જશે..' શાંતિનું આદર્શ વાક્ય, 'દુર્બળ લોકો બળવાન લોકોની મદદથી જીવી જશે' - વિન્સ્ટન ચર્ચિલ
- મીઠા બોલ બોલજો, એટલે મીઠા પડલા સંભળાશે - અરબી કહેવત
- વિજ્ઞાન એ સાધન છે સાધ્ય નહી - માનસ સૂત્ર
- વિજ્ઞાને સમસ્યાઓ હલ કરી છે તેના કરતા વધુ સમસ્યાઓ પેદા કરી છે- ડોંગરેજી મહારાજ
- શ્રદ્ધા પત્ની છે અને સત્ય પતિ, શ્રદ્ધા અને સત્યના આ ઉત્તમ જોડાથી મનુષ્ય સ્વર્ગ પણ જીતી શકે છે - કાલેલકર
- ઉંમર વધે એટલે ઝડપ અને શક્તિ ઘટે છે પરંતુ ચતુરાઇ, અનુભવ, આવડત, કૌશલ્ય વધે છે - એસ. ભટ્ટાચાર્ય
- પ્રત્યેક વિવાહિત યુગલમાં કમસેકમ એક વ્યક્તિ મૂર્ખ હોય છે જ - સોક્રેટિસ

બોધ કથા

આજ તો વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટે ફરજિયાત ડોનેશન, જુદી જુદી જાતની ફરજિયાત ફીઓ, પાઠ્યપુસ્તક ઉપરાંત શાળાએ ગોઠવણ કરેલાં પુસ્તક વિક્રેતાના વધારાની નોંધપોથી, નકશાપોથીઓ, ચિત્રપોથીઓ પણ ખાસ લેવાં જ પડે - બીજી ટર્મનાં પરિણામો 'ડકક' આપી. વાલી મિટીંગ બોલાવાય અને એમાં વિદ્યાર્થીને 'ખાસ કોર્ચીંગ' છે પર 'ભાર' મૂકાય.. ગરજવાન વાલીઓ આ વધુ સમજતાં હોવા છતાં 'શૈક્ષણિક અત્યાચાર' સહન કરે છે.

સરદાર વલ્લભભાઇ પટેલને 'લોખંડી પુરૂષ' કહેવામાં આવે છે એમને અયોગ્ય અને અન્યાયી લાગતાં કાર્યનો એ લોખંડી બમ્બર બની વિરોધ-સામનો કરતાં એમાં કોઇની શેહ-શરમ પણ ન રાખે; એ તો એમનો બાહ્ય દેખાવ પરંતુ અંદરથી તો કોમળ જ ગાંધીજીની માતૃવત્ પ્રેમથી સંભાળ રાખતા.

વિદ્યાર્થી - વલ્લભભાઇ નડિયાદની એક શાળામાં અભ્યાસ કરતા હતા. આજે પત્નીના નામે ટ્યુશન ક્લાક-પુત્રને નામે બૂક સ્ટોલ-સ્ટેશનરી દૂકાન ચાલે છે તેમ એક શિક્ષકે પણ શાળાની બાજુમાં જ શૈક્ષણિક જરૂરિયાતની સ્ટેશનરીની દૂકાન શરૂ કરી અને વાત વાતમાં વસ્તુઓ, ચોપડીઓ ત્યાંથી મળે જ છે. એવો પ્રચાર પણ, દબાણ સાથે કરતા.

વલ્લભભાઇને વિદ્યાર્થીકાળમાં પણ આ વાત વાજબી ન લાગી - બધા વિદ્યાર્થીઓને ભેગા કરી એ દૂકાનેથી એક પણ વસ્તુ ન ખરીદવા સમજાવ્યા - (... ત્યારે 'સત્યાગ્રહ' શબ્દ પણ પ્રચારમાં ન હતો.) શિક્ષક અને દૂકાનનો બહિષ્કાર થયો. દૂકાન બંધ થઇ.

Email - sureshchandrabhatt18@gmail.com

દિવાનખાનાની દિવાળી... પવિત્ર રિશ્તા નિભાવવાની ફરજિયાત ફોર્માલિટી..!!

દિવાળીનો તહેવાર એટલે ટીવીના ઉજાસે બધે મંગલમય વાતાવરણ મોંઘવારીની ઐસીતૈસી વચ્ચે બધું 'ફિલગુડ'ને લાભ-શુભની ઝગમગ

પાંચસો કોડિયા મોકલ હમણાં ને હમણાં' હવે આવું કયાંક સાંભણીએ એટલે આપણા કાન સરવા થઇ જાય, સાલું ૨૦-૨૫ કોડિયામાં તેલ પુરતાં તેલ નીકળી જાય, એવામાં આ ૫૦૦ કોડિયા કોણ ક્યાં પ્રગટાવવાનું છે? પણ આ કોડિયા તમારાં ઘરમાં જ ઝળહળવાનાં છે, ના ખબર પડી! અરે, યાર તમારાં દિવાનખાનામાં ટીવી પર જ સ્તો!!

ટીવી સિરીયલની દિવાળી કેવી દમદાર હોય છે એ જો જોવાં જઇએ તો ખબર પડે કે આપણાં ઘરમાં દિવાળીની રોનક કાયમ રાખવાં આ ટીવી વાળાં કેટલું તેલ બાળે છે ? કેટલો પરસેવો પાડે છે? કેટલો પરસેવો પાડે છે? અને આટલું બધું કર્યા પછીય આપણે શું કહીએ છીએ, 'શું આ ટીવી વાળા મંડ્યા છે કોઇ પણ ચેનલ લગાડો, બધી સિરીયલમાં દિવાળી જ ઝગમગે છે.' વધ્યું ઘટ્યું એમ ન્યૂઝ ચેનલ વાળા પણ એનાં એજ હવાયેલાં ફટાકડાં અને ચવાયેલાં સમાચારની ઝડી વચ્ચે કોક પેલી ઐશ્વર્યા ફુલઝડી સાથે કે નરેન્દ્ર મોદી બોમ્બ સાથે દિવાળી કરતાં હોય એવાં બ્રેકિંગ ન્યૂઝ ૨૪ કલાક ઠોકે રાખશે !!

પણ હમણાં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ના સેટ પરથી વાતો એક સ્પોર્ટ બૉય જોડેથી જાણવા મળી ત્યારે ખબર પડે કે ટીવીમાં દેખાતી દિવાળી અને રૂબરૂ સેટ પરની દિવાળી વચ્ચે દિવાળી અને દેવદિવાળી જેવું મોટું અંતર હોય છે... અત્યંત મોંઘા દેખાતાં કપડાં, સાજ-સજાવટ, મોંઘાભાવના ઘરેણાં, આંખો અંજાઇ જાય એવું ડેકોરેશન, બધું જ ચકચકાટ હોય છે સેટ પર...!! પણ આ ઝગમગાટ પાર પાડવાં જે માણસ દિવસ-રાત એક કરે છે, એમને મળીએ એટલે ટીવીની દિવાળીનો એક અલગ જ ચહેરો નજરે પડે છે. સાચો ચહેરો તો પડદા પર આવતો જ નથી, માત્ર 'ચહેરાઓ' સિરીયલમાં હસતાં દેખાતાં હોય છે... ટીવી સિરીયલનાં સેટ પર દેખાય છે, મજૂરી કરતાં થાકેલા હાથ અને ટેન્શનની નમી પડેલી ડોક!!

ડેકોરેટીવ દિવાળી

- સંજય થોરાત

તમને શું લાગે છે? દિવાળીનાં પાંચ-દસ એપિસોડનું શું બજેટ હશે આ ટીવી ચેનલવાળાઓનું? પ્રાદેશિક ચેનલને છોડો માત્ર હિન્દી સિરીયલનો વિચાર કરો, સોમથી શુક્ર કે વિક એન્ડમાં આવતી સિરીયલો બધામાં ડેકોરેટીવ દિવાળીની તૈયરી થઇ ગઇ છે, દિવડા ચમકશે, સિરીઝ પ્રકાશસે, અને હીરો-હીરોઇન ચકાચક તૈયાર થઇને મ્હાલતી દેખાશે અને આ બધાં પાછળ તમામ ચેનલોનો દિવાળી એપિસોડમનાં ખર્ચાનું ટોટલ મારો તો દસ કરોડ જેવો દમદાર આંકડો ઘુમાડો કાઢતો દેખાય છે!!

કેટલાંય હજાર દિવડા, કેટલાય હજાર પ્લાસ્ટીકના ફૂલોની માળા તોરણો, કેટલાંય મણ સાચાં ફુલોનો શણગાર, સેંકડો ડેકોરેટીવ પોટસ, કેટલીય ચાયનીઝ સિરીઝો, કેટલાંય ગાલીચા, અઢળક વિવિધ સાડીઓ, દાગીના, ફૂર્તા, સજાવટનો સામાન, રંગોળી, પેઇન્ટ અને કેટલાંય કિલો મેકઅપ ઉપર આ બધો પૈસો ખર્ચાય છે!! વાંચતા કે જોતાં તો એમજ થાય કે શા માટે આટલી બનાવટનાં સાજ-શણગારનો ઘુમાડો? કેમ થાય છે પૈસાના તાગડધિન્ના? બે-પાચ એપિસોડ માટે શા માટે કરાય છે આટલો શણગાર? દિવાળીને નામે કેમ ફુંકાય દેવાળું? અને આમાંથી શું એમનો ટીઆરપી વધી જશે? દિવાળીમાં કોણ જૂવે છે રોજ ટીવી? આ બધાં જ સામાન્ય માણસોને ઉદ્‌ભવતા પ્રશ્નો એકદમ વ્યાજબી હોય તોય એનાં જવાબો કાઢી નાંખવા જેવા નથી!!

ટીવી ઇન્ડસ્ટ્રીમાં કામ કરતાં એક્ષપર્ટ ક્રિએટીવનો હિસાબ-કિતાબ સાંભળીએ તો આપણાં કેટલાક ભ્રમ તૂટી જાય અને કારણ વગરની કોમેન્ટ છોડી આપણે એ સિરિયલોનો આનંદ લઇ શકીએ એવો નિષ્કર્ષ નિકળે છે, અને બદલાતી દિવાળી સેલિબ્રેશનની મજા માણવાનું, દિવાનખાનાની દિવાળીનો ઝગમગાટ વધુ પ્રકાશિત થાય એવું લાગે છે...

લોકો દિવાળીમાં ટીવી જુવે છે, અરે ઉલ્ટાનું વધુ જ જુવે છે...! સ્વતંત્ર પરિવારમાં રહેતા કપલ અને બે બાળકોનાં ઘરમાં દિવાળીએ તહેવાર મનાવવા મોટા ભાગે કોઇ મહેમાન આવતા નથી. કદાચ આવે તોય સૂર્યાસ્ત જોવા રોકાતા નથી. એટલે દિવાળીના ચાર દિવસ લોકો સાંજના ફટાકડાં ફોડ્યાં બાદ નવરાંધૂપ જ બેઠેલાં હોય છે. દિવાળીએ બહાર નીકળવું સારૂં દેખાય નહીં એટલે ય જખમારીને ઘરમાં ટકી રહે છે. હવે સોફામાં બેસીને કરવાનું શું ? એનો જવાબ એટલે ટીવી જ જુવે છે !!

ટીવીમાં આવતી દિવાળી સેલિબ્રેશન એન્જોય કરે છે... કોઇ પણ ચેનલ ફેરવો જોધા અકબર, એક બુંદ, દિયા ઔર બાતી, સરસ્વતીચંદ્ર, પ્યાર કા દર્દ હે, તારક મહેતા કે પવિત્ર રિશ્તા' દિવાળીની ફોર્માલિટી ફરજીયાત બધી ચેનલવાળા નિભાવે જ છે... ચેનલવાળાને બધા વ્યુઅર્સને પોતાની સિરીયલમાં ઓતપ્રોત કરવાં મારી મચડીનેય દિવાળી લાવી પડે છે. ટીઆરપીનો દર દિવાળીનો અનુભવ એમનો ગ્રાફ ઊંચો બતાવે છે. દિવાળીમાં 'દિવાળી સ્પેશ્યિલ' કાર્યક્રમ કરતાંય લોકપ્રિય ટીવી સિરીયલ ટીઆરપી વધુ જ હોય છે!! એનું કારણ શું? તો એ સિરયિલમાં 'સંયુક્ત' કુટુંબમાં ધુમધડાકા ભેર ઉજાતી દિવાળી લોકોને જોવી ગમે છે!!

આવું સાંભળ્યા બાદ એક પ્રશ્ન ઉદ્‌ભવે કે જે લોકો પોતે તો વિભક્ત કુટુંબમાં એકલાં એકલાં દિવાળી ઉજવે એમને પાછી 'સંયુક્ત' કુટુંબવાળી દિવાળી ગમે છે. તો તેઓ પોતે જ કેમ એમનાં મનગમતાં પોતાનાં માણસો શોધી ભેગા મળી દિવાળી કરે? જો કે આવાં પ્રશ્નોનો જવાબ ટીવીવાળાઓ પાસે નથી. એમનો તો એક જ ફંડા છે, 'લોકો કો એન્ટરટેઇન કરનાં અપના કામ, કોઇ બંધ છૂટના નહી ચાહીયે'!!

દિવાળીમાં જો ક્રિકેટ મેચ હોય તો આ ડેકોરેટીવ દિવાળીની સિરીયલોને સાંજે ઓછાં પ્રેક્ષકો મળે છે, કારણ એ વખતે રિમોટ પુરૂષોમાં હાથમાં આવે છે. પણ એટલે કાંઇ સ્ત્રીઓ રિપીટ ટેલિકાસ્ટ જોવાનું છોડતી નથી અને સુસ્ત એવી દિવાળીની બપોરે પુનઃપ્રસારિત થતી સિરીયલોને વધુ પ્રેક્ષકવર્ગ મળી જાય છે, અને એટલે 'દિવાળી' સિરીયલમાંથી બાદ થઇ જ શકે નહીં!! આ તો થઇ ચેનલવાળાની કહાની, એમને તો પોતાનું 'માર્કેટ' બરાબર ખબર પડે છે.

કેટલીય ધારાવાહિક બનાવતાં દિગ્દરશકને એવું ય લાગે છે કે એમની કહાની અને દિવાળીને કોઇ સંબંધ નથી, મારી મચડીને એમાં દિવાળી ના લાવવી જોઇએ, પણ આજનાં સિનારીયોમાં દિગ્દર્શક અને લેખક કરતાં 'ચેનલ' નું વજન વધારે છે. ચેનલવાળા ડાયરેક્ટ કહી દે છે, 'ઝગમગ ઝગમગ ચલાવો કુછ દિન, દિવાળીમાં કંઇક મસ્ત રોમેન્ટીક હેપ્પી 'ફિલગુડ' સાથે શુભ-લાભ થાય એવું જ ચલાવો, નહિં તો લોકો શું કામ જોશે આપણી ટીવી સિરીયલો!!

દિવાળીનાં દિવસોમાં દિવાનખાનામાં ચમક લાવતાં અને 'પવિત્ર રિશ્તા' નિભાવવાની ફરજિયાત ફોર્માલિટી કરતાં ચેનલવાળા ખુશીનાં માહોલમાંથી ટર્નિંગ પોઇન્ટ લાવી ટ્રેજેડી પણ કરી દેશે, પહેલાં ખુબ ખુશી એટલે અને પછી દુઃખનું વાદળું ફાટે એટલે ટીઆરપી વધવાનો!! દિવાળી અને દેવાળું આ બંને કાયમ તેજીમાં હોય છે, એક દિવાળી હોમવર્ક તરીકે છેલ્લાં કેટલાંક મહિનાનો તાળો મારો, તમારી કોઇ પણ મનગમતી સિરીયલો લો, એમાં ગોવિંદા, દાહીહાંડી, ગણપતિ, નવરાત્રી, ગરબા, દુર્ગાપૂજા, રાવણ દહન, કરવા ચૌથ અને હવે દિવાળી આવે કે નહીં!!

હવે થોડા દિવસ બાદ સાન્તાકલૉઝ અને હેપ્પી ન્યૂયર અને પછી પતંગોથી છવાયેલું આકાશ સાથે ઉત્તરાયણ આવશે... આ બધું કેવી રીતે આવી જાય છે? કેલેન્ડરનું પાનું ફેરવીને ? જરાય નહીં હોં! બધાંનું એક બજેટ હોય છે, દિવાળીનું આટલું ગણપતિનું આટલું ને ગરબાનું આટલું!!

ટીવી ચેનલનું કામ જ એ છે કે આપણને એની સામે એનાં પાગલ પ્રેમીની જેમ બેસાડી રાખવાં!! બાકી ગમે તેમ કહો પણ તહેવાર અને એની ચમકદમક ટીવીની મેહરબાનીથી વધી તો ગઇ છે જ બૉસ... દિવાળી દિવાનખાનામાં મનાનવીયે ડેકૉરોટીવ દિવાળીનો ઝગમગાટ અનુભવી તો શકાશે જ...તહેવાર ખરો આનંદ આપણાં પોતીકા સ્વજન વચ્ચે હોય, ઉમકાભેર આલિંગનમાં હોય અને મિત્રોના હસ્તધૂનમાં હોય અને આ બધાંથી થાકો કે નવરાં પડો તો ચેનલવાળા જગમગ તૈયાર જ છે.. હેપ્પી દિવાળી એન્ડ નૂતન વર્ષાભિનંદન !!

મિલકત તબદીલી અધિનિયમ ૧૮૮૨ની કેટલીક જોગવાઇઓ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

મિલકત તબદીલી અધિનિયમ ૧૮૮૨ની કલમ-૪૧ માં જણાવ્યા મુજબ કાયદેસરના માલિકે કરેલ તબદીલીની જોગવાઇ મુજબ સ્થાવર મિલકતમાં હિત ધરાવતી વ્યક્તિઓની સ્પષ્ટ અથવા ગર્ભિત સંમતિથી કોઇ વ્યક્તિ એવી મિલકતનો દેખીતો માલિક હોય અને તે મિલકત અવેજ બદલ તબદીલ કરે ત્યારે તબદીલ કરનારને તબદિલ રવાનો અધિકાર આપેલ ન હતો તે કારણે તે તબદીલી રદ થવા પાત્ર આપેલ ન હતો તે કારણે તે તબદીલી રદ થવા પાત્ર થશે નહીં. પરંતુ તબદીલીથી મેળવનાર તબદિલ આપનારને તબદીલ કરવાની સત્તા તેની ખાતરી કરવા માટે વ્યાજબી કાળજી લીધા પછી શુદ્ધબુદ્ધિથી વર્તતો હોવો જોઇએ.

મિલકત તબદીલી અધિનિયમ ૧૮૮૨ની કલમ - ૪૪ માં એક સહમાલિકે કરેલી તબદીલીની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇ મુજબ સ્થાવર મિલ્કતના બે અથવા વધુ સહમાલિકો પૈકી એક સહમાલિક એવી મિલકતમાંનો પોતાનો હિસ્સો અથવા પોતાનું હિત તબદીલ કરવાની કાયદેસર ક્ષમતા ધરાવતો હોય અને તેમ કરે ત્યારે તબદીલીથી મેળવનાર એવા હિસ્સા અથવા હિત અંગે અને તબદીલીનો અમલ કરવા માટે જરૂરી હોય તેટલે અંશે તે મિલકતના સંયુક્ત કબજા માટેનો અથવા મિલકતનો સહિયારો અથવા આર્થિક ભોગવટો કરવાને અને તેનું વિભાજન કરવાનો તબદીલ કરી આપવાનો હક્ક એ રીતે તબદીલ કરેલા હિસ્સા અથવા હિતને તબદીલીની તારીખે અસરકર્તા હોય એવી શરતો અને જવાબદારીઓને અધિન રહીને સંપાદન કરે છે.

અભિવ્યક્ત કુટુંબની માલિકીની રહેઠાણના ઘરનો કોઇ હિસ્સો તબદીલીથી મેળવનાર વ્યક્તિને કુટુંબનો સભ્ય ન હોય ત્યારે ને આ કલમના કોઇ પણ મજકુરીથી તે ઘટના સંયુક્ત કબજા માટે અથવા બીજા સહિયારા કે આંશિક ભોગવટો માટે હક્કદાર થાય છે એમ ગણાશે નહીં.

મિલકત તબદીલી અધિનિયમ ૧૮૮૨ની કલમ ૪૫ની જોગવાઇ મુજબ અવેજ સર સંયુક્ત તબદીલીની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇ મુજબ કોઇ સ્થાવર મિલકત બે અથવા વધુ વ્યક્તિઓને અવેજસર તબદીલ કરવામાં આવે અને એવો હોય ત્યારે વિરૂદ્ધનો કરાર ન હોય તો સદર હુ ભંડોળમાં તેઓ અનુક્રમે જે હિત માટે હક્કદાર હોય તેટલા શક્ય હોય ત્યાં સુધી સમાન હિત માટે હક્કદાર થશે અને જ્યારે એવો અવેજ તેમના પોતપોતાના ભંડોળમાંથી આપવામાં આવ્યો હોય ત્યારે એથી વિરૂદ્ધનો કરાર ન હોય તો તેઓએ અનુક્રમે અવેજનો જે હિસ્સો આપ્યો હોય તેના પ્રમાણમાં તેઓ તે મિલકતના હિત માટે હક્કદાર બને છે.

તે ભંડોળમાં તેઓ અનુક્રમે કેટલા હિત માટે હક્કદાર હતા અથવા તેઓએ અનુક્રમે અવેજનો કેટલો હિસ્સો આપ્યો હતો તે વિશે પુરાવો ન હોય તો તે વ્યક્તિઓ તે મિલકતમાં સરખુ હિત ધરાવે છે તેમ માની લેવામાં આવે છે.

મિલકત તબદીલ અધિનિયમ ૧૮૮૨ની કલમ-૫૩માં કપટપૂર્વક કરેલી તબદીલીની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇ મુજબ તબદીલ કરનારના લેણદારનું લેણું ડૂબાડવાની અથવા ચૂકવવામાં વિલંબ કરવાના ઇરાદાથી કરવામાં આવેલી સ્થાવર મિલકતની દરેક તબદીલી જેનું લેણુ એ રીતે ડૂબાડવામાં આવ્યું હોય અથવા તે ચુકવવામાં વિલંબ કરવામાં આવ્યો હોય તે લેણદાર જો ઇચ્છે તો રદ કરી શકાય તેવી તબદીલી ગણવામાં આવે છે.

શુદ્ધબુદ્ધિથી અને અવેન્સર તબદીલીથી લેનારના હક્કને આ પેટા કલમના કોઇ પણ મજકુરથી નુકશાન થશે નહીં. આ પેટા કલમના કોણ પણ મજકુરથી તે સમયે અમલમાં હોય એવા નાદારી સંબંધી કોઇ કાયદાને અસર પહોંચશે નહીં તબદીલી કરનારના લેણદારનું લેણું ડૂબાડવાના અથવા તે ચૂકવવામાં વિલંબ કરવાના ઇરાદાથી કોઇ તબદીલી કરવામાં આવી હોવાને કારણે તેને રદ કરાવવા માટે કોઇ લેણદારનો દાવો તમામ લેણદારો વતી અથવા તેના લાભાર્થે માંડવો જોઇએ.

તબદીલીથી મેળવનાર સાથે કપટ કરવાના ઇરાદાથી અવેજ વિના કરેલી સ્થાવર મિલકતની દરેક તબદીલી, તબદીલીથી મેળવનાર ઇચ્છે તો રદ કરી શકે છે. આ પેટા કલમના હેતુઓ માટે અવેજ વિના કરેલી કોઇ પણ તબદીલી પછીથી અવેજસર તબદીલી કરી હોવાના કારણે જ કપટ કરવાનાં ઇરાદાથી કરવામાં આવી હતી એમ ગણાશે નહીં.

મિલકત તબદીલી અધિનિયમ - ૧૮૮૨ની કલમ પરનાં મિલકત સંબંધિત ચાલુ દાવા દરમિયાન જોગવાઇ મુજબ જમ્મુ અને કાશ્મીર રાજય સિવાયના ભારતની હદમાં સત્તા ધરાવતી અથવા એવી હદ બહાર કેન્દ્ર સરકારે સ્થાપેલ કોઇ ન્યાયાલયમાં જે કપટયુક્ત ના હોય અને જેમાં સ્થાવર મિલકતનો કોઇ હક્ક સીધી રીતે અને ખાસ કરીને વાદગ્રસ્ત હોય તેવો દાવો અથવા કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન તેના કોઇ પક્ષકારથી તે ન્યાયાલયની અધિકાર અને ન્યાયાલય ઠરાવે તેવી શરતે હોય તે સિવાય તેના બીજા પક્ષકારોના લાભમાં તે દાવામાં જે હુકમનામા કે હુકમો થાય તે હેઠળના હક્કને અસર પહોંચે તે રીતે મિલકત તબદીલ કરી શકાશે નહીં.

મહાપર્વ દીપાવલી - આસો વદ અમાસના દિવસનું મહત્ત્વ સાંસ્કૃતિક દૃષ્ટિએ બીજા પર્વોની તુલનામાં અનેક ગણું વધુ છે

દીપાવલી વિશેષ - થાઇલેન્ડમાં રામચરિત

- રશ્મિકાન્ત મહેતા

મહાપર્વ દીપાવલી - આસો વદ અમાસનો દિવસનું મહત્ત્વ સાંસ્કૃતિક દૃષ્ટિએ બીજા પર્વોની તુલનામાં અનેક ગણું વધુ છે. એક સમયે આ દિવસે શ્રીરામનો વિજય પ્રવેશ અયોધ્યામાં થયો હતો. અયોધ્યા 'હૃષ્ટપુષ્ટ જનાકીર્ણા' (યુદ્ધકાંડ-૧૨૭) - આનંદથી પ્રસન્ન થયેલા અને સંતોષથી પુષ્ટ થયેલા લોકોથી ભરેલી હતી. તેમનો અતિપ્રિય યુવરાજ ચૌદ વર્ષ પછી સમર્થ શત્રુરાજયને ધ્વસ્ત કરીને એવી જ અતિપ્રિય યુવરાજ્ઞીને છોડાવીને પાછો ફર્યો હતો. નગરજનોએ પોતાનાં ગૃહોને સ્વચ્છ કરીને ધજાઓ અને તોરણોથી શણગાર્યા હતા. શેરીઓમાં ચંદન જળનો છંટકાવ કર્યો હતો. રાજમાર્ગોને લાલ અને ભૂરા કમળોથી સુશોભિત કર્યા હતા. લોકો પોતે પણ સ્નાન કરીને સજીધજીને તૈયાર થયા હતા. સાંજે હારબંધ દીવાઓ મૂક્યા, ત્યારથી આ દિવસ આનંદ અને ઉલ્લાસનું પર્વ બની ગયો;

દીવાઓની હારને કારણે દીપ - આવલિ = દીપાવલિ = દિવાળી તરીકે પ્રતિષ્ઠિત થઇ ગયો.

એ સમયથી શ્રીરામનું ચરિત્ર લોકપ્રસિદ્ધ હતું જ, મહર્ષિ વાલ્મિકીએ એને સંસ્કૃતમાં કાવ્યબદ્ધ કર્યું.

આ રામનું ચરિત્ર (=અયન) હતું, એટલે આદિકવિ એ આ કાવ્યનું 'રામાયણ' નામ આપ્યું. રામચરિઝ સાથે આ કવિને પણ સારી પ્રતિષ્ઠા મળી. કંબોડિયામાં ઇ.૬૫૧-૭૦૦ ના સમયનું વાલ્મિકી મંદિર છે. આ મંદિરના અભિલેખમાં વાલ્મિકીને વિષ્ણુના અવતાર ગણાવ્યા છે.

ભારતના વ્યાપારી સંપર્કોની સાથેસાથ વિદેશમાં પણ રામાયણનો પ્રસાર થતો હતો. થાઇલેન્ડનો અર્થ થાય છે - 'મુક્ત પ્રજાનો દેશ.' અહીં આ કથાનો પ્રભાવ હતો. કોઇ પક્ષ વંશનો શાસક હોય, તે પોતાને રામ તરીકે જ ઓળખાવે. લોકોનાં નામો પણ મહદંશે રામાયણનાં પાત્રો પરથી હોય. અહીંના એક શાસકે ઇ.૧૩૫૦ માં નગરનિર્માણ કર્યું અને તેને 'અયુદ્ધા' નામ આપ્યું. આ નગરનું નિર્માણ ભારતમાંની અયોધ્યાને આધારે કર્યું. અહીંના લોકોની શ્રદ્ધા એવી કે રામચરિત્ર અમારા દેશનું છે. ઇ.૧૭૬૭ માં આ નગર ધ્વસ્ત થયું પછી બેંગકોકનું મહત્ત્વ વધ્યું, બેંગકોકનો અર્થ છે - 'ઇશ્વરના સંદેશવાહકોનું નગર.'

અહીંની રામકથાઓ વાલ્મિકી - રામાયણનું માળખું - કથાનું પ્રરૂપ-સ્વીકારી લીધું હતું. તેમાં પોતાની રીતે પરિવર્તનનો કર્યા, એ જુદી વાત છે. રામકથા માટે થાઇ ભાષામાં 'રામકિયેન' શબ્દ હતો. રામકિયેન એટલે રામની કીર્તિ. ભક્તિ અને શ્રદ્ધાવાળા આ વિદ્વાન શાસકો પોતે રામકિયેનને આધારે માતૃભાષામાં કાવ્યો રચતાં આમાં રત્નકોશી વંશના, પહેલા શાસક રામે કરેલી રચના પરિપૂર્ણ અને ઉત્તમ છે. એનો રાજ્યકાળ ઇ. ૧૭૮૨-૧૮૦૯ છે.

દિલ્હી યુનિવર્સિટીના પ્રા.ડો. સત્યવ્રત શાસ્ત્રી બેંગકોકની શિલ્પાકાર યુનિવર્સિટીમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે હતા. ત્યારે એમણે રામકિયેનને આધારે સંસ્કૃતમાં રામકીર્તિ મહાકાવ્યમ્‌ની રચના કરીને એપ્રિલ - ૧૯૯૦માં એને પ્રકાશિત કર્યું છે. ૨૫ સર્ગના આ મહાકાવ્યમાં ૧૨૦૯ શ્લોક છે. સાથે તેનો અંગ્રેજી અને થાઇ ભાષામાં અનુવાદ છે. આની પ્રસ્તાવના અંગ્રેજીમાં ત્યાંના વિદ્યુષી બહેન રાજકુમારી સિરિન્થૌર્ન લખેલી છે. આમાં મંદિરોના ભીંતચિત્રોના ફોટોગ્રાફ્સ છે. તેમાંથી થાઇની પરંપરાગત ચિત્રશૈલીનો ખ્યાલ આવે છે. આવું એક ચિત્ર આ લેખ સાથે સંલગ્ન છે. આ મહાકાવ્ય સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રમાં મૂલ્યવાન પ્રદાન છે. આનાથી થાઇલેન્ડ બહારની દુનિયાને આ દેશની રામકથા રામકિયેનનો સુપેરે પરિચય મળી રહે છે. ડો. સત્યવ્રત શાસ્ત્રી નિઃસંદેહપણે અભિનંદનના અધિકારી છે.

(સંદર્ભ - શ્રીરામકીર્તિ મહાકાવ્યમ્ - ડો. સત્યવ્રત શાસ્ત્રી
- રામકથા - ફાધર કામિલ બુલ્કે
- માનવતાનું મહાકાવ્ય - ગુણવંત શાહ)
(સરદાર પટેલ યુનિવર્સિટીમાં આપેલા વ્યાખ્યાન તા. ૧૯-૧૦-૧૩ના સંકલિત અંશો)